# ગુજરાત સરકાર

## ગૃહ વિભાગ

**ઠરાવ ક્રમાંક : આઈટી/૧૦/૨૦૨૨/૦૮/આઈટી**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૦૩/૦૬/૨૦૨૨**

**વંચાણે લીધા:**

(૧) ગૃહ મંત્રાલય, ભારત સરકારનો તા.૨૮/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: 1/4/2020-CCTNS (WS.IV)/413

(૨) ગૃહ મંત્રાલય, ભારત સરકારનો તા.૧૩/૦૫/૨૦૨૨નો પત્ર ક્રમાંક: 1/4/2020-CCTNS (WS.IV)/438

**આમુખ:**

NCRB દ્વારા e-FIR Model પર Concept Note તૈયાર કરવામાં આવેલ છે. સદર Concept Note ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૧)થી તમામ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોને મોકલી આપવામાં આવેલ છે અને સરકાર દ્વારા નાગરિકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો થાય તે માટે e-FIRનું અમલીકરણ કરવા પણ સુચવવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક(૨)થી ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા જણાવ્યા મુજબ, વાહન/મિલકત ચોરીના ગુના કે જેમાં આરોપી અજ્ઞાત હોય તેવા કિસ્સામાં e-FIRની સુવિધા CCTNSના e-FIR મોડ્યુલમાં પૂરી પાડવામાં આવેલ છે. આ જ રીતે e-FIRની સુવિધા તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશો પણ વિકસાવે અને નાગરિકોને પૂરી પાડે તે માટે કાર્યવાહી હાથ ધરવા ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સુચવવામાં આવેલ છે. આથી, રાજ્ય સરકાર દ્વારા પણ e-FIRના અમલીકરણની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રાજ્ય સરકાર દ્વારા વાહન ચોરી/મોબાઇલ ફોન ચોરીના કિસ્સામાં સિટીઝન પોર્ટલ/સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે નાગરીકોના વિશાળ હિતમાં e–FIR ની સુવિધા આપવાનો નિર્ણય કરવામાં આવે છે અને તે માટેની કાર્યપ્રણાલી નીચે મુજબ રહેશે.

### અ) e–FIR કાર્યપ્રણાલી:

ગુજરાત પોલીસ દ્વારા વાહન ચોરી/મોબાઇલ ફોન ચોરી માટે સિટીઝન પોર્ટલ (https://gujhome.gujarat.gov.in)/સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે નાગરીકોને e–FIR ની સુવિધા આપવામાં આવશે. e-FIRની આ સુવિધા ફક્ત તેવા સંજોગોમાં જ મેળવી શકાશે કે જેમાં આરોપી અજ્ઞાત હોય તથા ઘટના દરમિયાન બળનો ઉપયોગ ન થયો હોય / ઈજા ન પહોંચી હોય. ચોક્કસ સમય મર્યાદામાં e–FIRની પ્રાથમિક તપાસ પૂર્ણ કર્યા બાદ તેમા તથ્ય જણાયેથી આવી ફરિયાદ FIRમાં રૂપાંતરીત કરવામાં આવશે. જેની કાર્યપ્રણાલી નીચે મુજબ છે –

- નાગરિકો સિટીઝન પોર્ટલ/સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે e-FIR સેવાનો ઉપયોગ કરી શકશે.
- ફરિયાદીએ સિટીઝન પોર્ટલ/સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ પર રજીસ્ટર કરાવી વાહન/મોબાઇલ ફોન ચોરી અંગે ફરિયાદ સંદર્ભે વિગતો ભરી ઓનલાઇન અપલોડ કરવાની રહેશે.
- ફરિયાદી દ્વારા ઓનલાઈન અરજી કરતા સમયે તેઓ દ્વારા આપવામાં આવેલ અરજીની પ્રિન્ટઆઉટ લઇ, તેની પર પોતે સહી કર્યા બાદ સહી કરેલ અરજી સ્કેન કરી અપલોડ કરવાની રહેશે.
- ફરિયાદીને E-Mail / SMS થી ફરિયાદ અરજી મળ્યાની જાણ થશે.
- બનાવના સ્થળની વિગતમાં ફરિયાદી દ્વારા જે પોલીસ સ્ટેશનનું નામ લખવામાં આવેલ હોય તે પોલીસ સ્ટેશનમાં e-FIR ફોરવર્ડ થશે અને જો પોલીસ સ્ટેશન નું નામ ન જણાવેલ હોય તો જે તે પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકની કચેરીએ e-FIR ફોરવર્ડ થશે અને પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકની કચેરી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલિક e-FIR મોકલી આપશે. આ તમામ પ્રક્રિયા ઓનલાઇન કરવામાં આવશે.
- પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં થાણા અધિકારી ઈ-ગુજકોપના યુઝર આઈ.ડી.થી ઈ-ગુજકોપ પર લોગ-ઈન કરી પોર્ટલ વર્કલીસ્ટમાં તે e-FIR જોઇ શકશે અને કોઇ પણ સંજોગોમાં ૨૪ કલાકની સમયમર્યાદાની અંદર પ્રાથમિક તપાસ અર્થે પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીને મોકલવાની રહેશે.
- જે તે પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા તપાસ અધિકારીને પ્રાથમિક તપાસ સોંપાશે ત્યારે તપાસ અધિકારી અને સાથોસાથ ફરિયાદીને તપાસ અધિકારી Assign થવા અંગે E-Mail / SMS થી જાણ કરવામાં આવશે.
- તપાસ અધિકારીએ આ પ્રકારની e-FIR મળતાં પ્રથમ e-FIRનો જરૂરી અભ્યાસ કરશે અને e-FIR અપલોડ થયાના ૪૮ કલાકની સમયમર્યાદામાં ફરિયાદીનો સંપર્ક કરી સંબંધિત દસ્તાવેજોની ખરાઇ કરશે અને વાહન ચોરી/મોબાઇલ ફોન ચોરીના બનાવની જગ્યાની મુલાકાત લેશે. આ સમગ્ર પ્રક્રિયા e-FIR અપલોડ થયાના ૪૮ કલાકમાં પૂર્ણ કરી e-FIR અંગે પ્રાથમિક તપાસનો અહેવાલ થાણા ઇન્ચાર્જને મોકલી આપશે.
- થાણા અધિકારી આ અહેવાલ મળ્યાના ૨૪ કલાકની સમયમર્યાદામાં e-FIRનો યોગ્ય નિકાલ કરશે. e-FIR ની વિગત સાચી હોય તો ઇ-ગુજકોપમાં FIR દાખલ કરશે. જો બનાવની જગ્યા પોતાના પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય તો તે e-FIR સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપશે. e-FIRમાં ખોટા દસ્તાવેજ હોય અને ખોટી વિગત હોય તો અરજી દફતરે કરશે. સિટીઝન પોર્ટલ/સિટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ પરથી e-FIR અપલોડ થયાના ૭૨ કલાકમાં (૩ દિવસ સુધીમાં) થાણા અધિકારીએ આ રીતે e-FIR નો નિકાલ કરવાનો રહેશે.
- e-FIR અપલોડ થયાના ૭૨ કલાકમાં તેનો નિકાલ થવો જોઇએ, નહિ તો e-FIR પેન્ડિંગ હોવા અંગેનો E-Mail / SMS તરત જ નાયબ પોલીસ અધિક્ષક/મદદનીશ પોલીસ કમિશ્નરને જશે. નાયબ પોલીસ અધિક્ષક/મદદનીશ પોલીસ કમિશ્નર દ્વારા જાણ થયાના ૨૪ કલાકમાં કોઇ કાર્યવાહી નહિ કરવામાં આવે તો તરત જ પોલીસ અધિક્ષક/નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નરને E-Mail / SMS થી જાણ થશે. આમ, e-FIR સંદર્ભે પાંચ દિવસમાં (૧૨૦ કલાકમાં) માં આખરી નિર્ણય અંગે (Final Disposal)ની કાર્યવાહી કરવામાં નહી આવે તો આવી e-FIRને ઈ-ગુજકોપ દ્વારા FIRનો ધોરણસરનો રનીંગ નંબર આપોઆપ ફાળવવામાં આવશે અને થાણા અધિકારીએ તેની પર અન્ય સામાન્ય FIRની

જેમ જ આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવાની રહેશે. વધુમાં, e-FIR અંગે ૧૨૦ કલાકની સમયમર્યાદામાં ધોરણસરની કાર્યવાહી નહી કરવા બદલ પોલીસ કમિશ્નર/ નાયબ પોલીસ કમિશ્નર/ પોલીસ અધિક્ષક પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરી તેઓ વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરશે.

- e-FIR સંદર્ભે FIR દાખલ કર્યા અંગે અથવા ન દાખલ કર્યા કે દફતરે કર્યા અંગે ફરિયાદીને E-Mail / SMS થી જાણ થશે.
- FIRની નોંધણી થઇ હોય તેવા સંજોગોમાં ફરિયાદી FIRની નકલ સિટીઝન પોર્ટલ પરથી મેળવી શકશે.
- ઇ-ગુજકોપમાં વાહન ચોરી/મોબાઇલ ફોન ચોરીની e-FIR દાખલ થતા તપાસ અધિકારી નિયમ મુજબ વાહન ચોરી/મોબાઇલ ફોન ચોરીની FIRની તપાસ કરી ઇ-ગુજકોપમાં FIR દાખલ થયાના ૩૦ દિવસમાં ચાર્જશીટ અથવા ફાઇનલ રિપોર્ટ ભરશે.
- FIR દાખલ થયાના ૩૦ દિવસમાં ચાર્જશીટ અથવા ફાઇનલ રિપોર્ટ ન થાય તો નાયબ પોલીસ અધિક્ષક/ મદદનીશ પોલીસ કમિશ્નરને E-Mail / SMSથી જાણ થશે. ત્યારબાદ ૭ દિવસમાં કોઇ કાર્યવાહી ન થાય તો પોલીસ અધિક્ષક/નાયબ પોલીસ કમિશ્નર/ પોલીસ કમિશ્નરને E-Mail / SMSથી જાણ થશે.

**(બ) થાણા અધિકારીની જવાબદારી :**

1) થાણા અધિકારીને જ્યારે e-FIR મળે ત્યારે તે e-FIR ઉપર તાત્કાલિક કાર્યવાહી કરી e-FIR પ્રાથમિક તપાસ માટે આપવાની રહેશે. પ્રાથમિક તપાસ કરનાર અધિકારી દ્વારા (e-FIR અપલોડ થયાના ૪૮ કલાકના સમયગાળામાં) આપેલ અહેવાલના આધારે e-FIRનો નિકાલ અહેવાલ મળ્યાના ૨૪ કલાકમાં થાય તે જોવાનું રહેશે. આમ e-FIR મળ્યાના ૭૨ કલાકમાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
2) વાહન/મોબાઇલ ફોન ચોરીની FIRનો નિકાલ સમયમર્યાદામાં થાય તે અંગે મોનીટરિંગ કરવાનું રહેશે.
3) સમયાંતરે પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીઓને e-FIR પદ્ધતિથી અવગત કરી આ અંગે તાલીમ આપવાની રહેશે.

**(ક) વિભાગીય પોલીસ અધિકારી/મદદનીશ પોલીસ કમિશ્નર/નાયબ પોલીસ કમિશ્નરની જવાબદારી**

1) e-FIR નો નિકાલ સમયમર્યાદામાં થાય તે અંગે મોનીટરિંગ કરવાનું રહેશે.
2) દફતરે થયેલ e-FIRની ચકાસણી કરી યોગ્ય રીતે દફતરે થયેલ હોય તે જોવાનું રહેશે.
3) e-FIR સંદર્ભે FIR નોંધાયા બાદ, ૩૦ દિવસમાં તપાસ પૂર્ણ થાય તે જોવાનું રહેશે.
4) સમયાંતરે સંબંધિત થાણા અધિકારીને e-FIR પદ્ધતિથી અવગત કરી આ અંગે તાલીમ આપવાની રહેશે.

**(ડ) પોલીસ કમિશ્નર/પોલીસ અધિક્ષકની જવાબદારી**

1) e-FIR સંદર્ભે નિયત સમયમર્યાદામાં ઉપરોક્ત સુચનાઓ અન્વયે કાયદેસરની કાર્યવાહી થાય તે અંગે મોનીટરિંગ કરવાનું રહેશે.
2) e-FIR સંદર્ભે નિયત સમયમર્યાદામાં કાર્યવાહી કરવામાં ન આવે તેવા સંજોગોમાં પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરી તેઓ વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરશે.

ઉપરોક્ત કાર્યપ્રણાલી મુજબની સિસ્ટમની અમલવારી સત્વરે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય દ્વારા કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(મયુરસિંહ વાઘેલા)**
ઉપ સચિવ
ગૃહ વિભાગ

**નકલ રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક/સંયુક્ત/નાયબ/ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેક્શન અધિકારીશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી/રેન્જ અધિકારીશ્રી/ પોલીસ અધિક્ષકશ્રી
- માહિતી નિયામકશ્રી, માહિતી ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
  **(e-FIRની સુવિધાનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે માટે પણ જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી સહ)**
- સિલેક્ટ ફાઇલ